## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



ભક્તો... તમારી આસ્થા ક્યા ક્યા ભગવાન સાથે છે એ મને કથા ચાલુ કરતા પહેલા કહી દો જેથી... હુ તેના વિરુદ્ધ બોલવામાં ધ્યાન રાખું... ખોટી બબાલ ન જોઈએ...!!

# સે-૩/બીમાં દુષિત પાણી ઉભરાતા સ્થાનિકો ત્રાહીમામ

## સેકટરવાસીઓએ અનેકવાર રજુઆત કરવા છતા સમસ્યાનુ નિરાકરણ આવતુ નથી

ગાંધીનગર તા ૧૯

સે-૩ બીમાં નવરાત્રિ ચોક નજીક સ્થિત રીંગરોડ બાજુની ગટર લાઈનમાં ભંગાણ થયુ છે. જેન લીધે આસપાસના વિસ્તારમાં સ્થિત મકાનોમાં ગટર લાઈનનુ પાણી બેક મારે છે. ચોકડીમાં દુષિત પાણી ઉભરાતા અસહ્ય દુર્ગંધ અને ગંદકી વચ્ચે સ્થાનિકોમાં રોગચાળાની દહેશત પ્રબળ બની છે. ગટર લાઈનની ચેમ્બર તુટી હોવાથી આ સમસ્યા પેચીદી બની હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આ અંગે વારંવાર રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાતા નથી. સે-૩ બી માં પ્લોટ નં -૩૦૦ ની સીરીઝમાં ગટરોના દુષિત પાણીની સમસ્યાથી રોગચાળાની દહેશત પ્રબળ બની છે.

શહેરમાં ગટરો ઉભરાવાની સમસ્યા વારંવાર ઉઠવા પામે છે. સેકટરોમાં વારંવાર ગટરોના દુષિત પાણી ફરી વળતા હોવાની ફરિયાદો પણ સેકટરવાસીઓ ઉઠાવે છે. જુના અને નવા સેકટરોમાં ગટરોનો પ્રશ્ન દિનપ્રતિદિન જટીલ બની રહ્યો છે. સે-૩ બીમાં છેલ્લા કેટલાક દિવસથી ગટરો ઉભરાવાની સમસ્યાએ હદ વટાવી છે. સેકટરમાં નવરાત્રી ચોક બાજુમાં રીંગરોડ નજીકના ખાનગી રહેણાંક મકાનોમાં ચોકડીમાં ગટરનુ દુષિત પાણી બેક મારે છે.જેના લીધે સ્થાનિકો અસહ્ય દુર્ગંધ અને ગંદકી વચ્ચે હાલાકી વેઠી રહ્યા છે. આ અંગે સે-૩ ની ઈન્કવાયરી કચેરીમાં અનેકવાર રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાયા નથી. સેકટરમાં ગટર લાઈનની ચેમ્બરમાં ભંગાણ થયુ હોવાના લીધે આ સમસ્યા વધુ જટીલ બની હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. સેકટરવાસીઓએ આ અંગે અનેકવાર રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાયા નથી. સેકટરમાં પ્લોટ નં -૩૦૦ સહીત આસપાસના વિસ્તારમાં ગટરોનુ દુષિત પાણી ઉભરાતા સ્થાનિકોમાં રોગચાળાની દહેશત પ્રબળ બની છે.

## ખૂણેખાંચરેથી

- સહયોગ સંકુલમાં આજે એક લિફ્ટ બંધ થઈ જતાં કર્મયોગીઓને સીડીઓ ચડવી પડી હતી તેમજ મુલાકાતીઓ પણ પરેશાન થયા હતા.
- ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા નવ હજાર કિલોથી વધુ બાયો મેડિકલ વેસ્ટનું કલેક્શન કરી તેનો નિકાલ કરવામાં આવ્યો છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની ખાતાકીય પસંદગી સમિતિની આજે મળેલ બેઠકમાં તલાટી સંવર્ગમાં બઢતી આપવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.
- ગાંધીનગરમાં આજે 'ચ' રોડ સતત ટ્રાફિકથી ધમધમતો રહ્યો હતો.
- ગાંધીનગર જિલ્લા જમીન મૂલ્યાંકન સમિતિની બેઠક જિલ્લા કલેક્ટર ડૉ. આર્યના અધ્યક્ષપદે મળી હતી.
- રાજ્ય સરકાર દ્વારા આર્થિક પછાત વર્ગ માટેના પ્રમાણપત્ર અંગે કોઈ નિર્ણય ન લેવાતાં જનસેવા કેન્દ્રોમાં ઘણી અરજીઓ પડતર રહી છે અને લોકોને ખુબ ધક્કા પડી રહ્યા છે.



## રાહુલ ગાંધીના જન્મ દિન નિમિત્તે યુથ કોંગ્રેસ દ્વારા સેનેટાઈઝર-માસ્કનું વિતરણ

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને સંસદ સભ્ય રાહુલ ગાંધીના જન્મદિન નિમિત્તે ગાંધીનગર જિલ્લા યુથ કોંગ્રેસ અને ગાંધીનગર શહેર યુથ કોંગ્રેસ દ્વારા ઠેર ઠેર સેનેટાઈઝર અને માસ્કનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ગાંધીનગર જિલ્લા યુથ કોંગ્રેસના પ્રમુખ જીતેન્દ્રસિંહ સોલંકી અને શહેર યુથ કોંગ્રેસના પ્રમુખ કર્મજિતસિંહ વાઘેલા તેમજ કાર્યકરો આ અનોખી ઉજવણીમાં જોડાયા હતા.

## શહેરની હદ વધારવાનો નિર્ણય ગ્રામ્ય વિસ્તારના વિકાસને રૂંધવા માટે છે : ઠાકોર

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરની હદ વધારવામાં ૧૮ ગામો અને એક નગરપાલિકા વિસ્તારને ભેળવવામાં આવતાં ગ્રામીણ વિસ્તારમાં વિકાસના કામો ખોરંભે પડશે એટલુ જ નહિ અહિ મનપાના તંત્ર દ્વારા કેવા પગલાં લેવામાં આવશે તે અંગેની કોઈ જ ઘોષણા નહિ કરી ગ્રામીણ પ્રજાને દિશાવિહીન બનાવી દેવાઈ હોવાનો આક્ષેપ કોંગ્રેસના જિલ્લા પંચાયતના સદસ્ય બેચરજી ઠાકોરે કર્યો છે.

ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્યની સેવાઓ કથળેલી છે એટલુ જ નહિ સરકારનુ આટલુ મોટુ તંત્ર પણ અહિ આરોગ્યની સેવાઓ સાચવવામાં નિષ્ફળ રહ્યુ છે. આ ગ્રામ્ય વિસ્તારમાં વાહકજન્ય રોગચાળો જે રીતે છેલ્લા થોડાક સમયથી વકરી રહ્યો છે ત્યારે તંત્ર કેવી લાચારી અનુભવે છે તેનો અનુભવ ગ્રામ્યજનોને થઈ ચુક્યો છે. પાણીજન્ય રોગચાળામાં પણ કેવી સ્થિતિ થાય છે તે જનતા સારી રીતે જાણે છે. આરોગ્ય સેવાઓ શૂન્ય હતી એમ કહીએ તો પણ ખોટુ નથી.

શિક્ષણના પણ પ્રશ્નો છે અને નવી શાળાના બાંધકામ તેમજ જર્જરિત વર્ગખંડો ઉતારવામાં તંત્રની ઉદાસીનતાની વાતો અખબારોમાં ચમકી ચુકી છે.માત્ર રાજકીય દેખાડો કરવાના આશયથી ગ્રામીણ વિસ્તારના વિકાસને અવરોધવાનું કામ સરકારે કર્યુ છે. તેમણે જણાવ્યુ કે આ ગ્રામ્ય વિસ્તાર શહેરમાં ભળતાં કેટલી વસ્તી શહેરની વધશે તેનો અંદાજ નથી કારણ કે સરકારે ૨૦૧૧ની વસ્તીગણતરીને આધાર બનાવી આ ગામોને ભેળવવાનો નિર્ણય કર્યો છે. વેરાનું ભારણ પણ પ્રજા પર વધશે. મનપા પાસે માત્ર સફાઈ સિવાય કોઈ સેવા નથી તો શું અહિ વિકાસના ખોટા સ્વપ્નોમાં જ પ્રજાએ રાચવાનુ છે.




## ગુજરાત સાયન્સ સિટી દ્વારા વન્ડર્સ ઓફ કેમેસ્ટ્રી વેબિનારનું આયોજન

ગુજરાત સાયન્સ સિટી,અમદાવાદ દ્વારા આયોજિત 'વન્ડર્સ ઓફ કેમેસ્ટ્રી', ઈ-વર્કશોપ દરમ્યાન વિષયના નિષ્ણાંત દ્વારા તેમને મૂળભૂત રાસાયણિક પ્રતિક્રિયાઓનો પરિચય આપતાં શાળાના વિદ્યાર્થીઓ જોતા રહી ગયા હતા. ડો.ઘનશ્યામ મહેતાએ(ડાયરેક્ટર, કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, સુરેન્દ્રનગર) ઈ-વર્કશોપ દરમ્યાન ના થોડા પ્રયોગો બતાવ્યા હતા. ફેનોલ્ફથાલિનનો ઉપયોગ કરીને, ડો.મહેતાએ સફેદ કાગળ પર 'વેલકમ' લખ્યું હતું પરંતુ તે દેખાતું નહોતું. જ્યારે તેમણે કાગળ ઉપર સોડિયમ હાઈડ્રોક્સાઈડ છાંટ્યો ત્યારે ગુલાબી રંગથી 'વેલકમ' લખેલું દેખાયું પછી જ્યારે તેમણે લાલ કપાસના દોરાને લીંબુમાં પરોવી દીધો, ત્યારે લીંબુમાં રહેલા સાઈટ્રિક એસિડે લાલ રંગના દોરા પર પ્રતિક્રિયા કરીને દોરાને કાળા બનાવ્યો. તેમણે કહ્યું કે ''આજના પ્રયોગો સરળ રાસાયણિક પ્રતિક્રિયાઓ પર આધારિત હતા. પરંતુ લોકો રસાયણશાસ્ત્રને સમજી શકતા નથી તેથી અંધશ્રદ્ધા દ્વારા ગેરમાર્ગે દોરાય જાય છે.''

## આજે બજરંગ દળ દ્વારા શહીદ જવાનોને શ્રદ્ધાંજલી આપતો કાર્યક્રમ યોજાશે

બજરંગ દળ ગાંધીનગર દ્વારા લદ્દાખ સરહદે વીરશહીદ જવાનોને શ્રધ્ધાંજલી આપવા તેમજ ચીની વસ્તુઓનો બહિષ્કાર કરવાના કાર્યક્રમમાં સાંજે ૪ વાગ્યે દેશભક્ત નાગરિકોને મોંઢા ઉપર માસ્ક પહેરી, સામાજિક અંતર જાળવી સે- ૭ સ્થિત ભારત માતાના મંદિર ખાતે સમયસર હાજર રહેવા જણાવાયું છે.

## રવિવારે વિશ્વ યોગ દિવસે અનુભવાશે વર્ષનો લાંબામાં લાંબો દિવસ

એક તરફ રવિવારે ''વિશ્વ યોગ દિવસ'' ઉજવાશે તે સાથે સાથે વર્ષનો લાંબામાં લાંબો દિવસનો અનુભવ પણ થશે. આ દિવસે ગાંધીનગર-અમદાવાદમાં દિવસ ૧૩ કલાક ૨૨ મિનિટ અને રાત્રિ ૧૦ કલાક અને ૩૦મિનિટની રહેશે. આ પછી શનિવાર તા. ૨૨મી જૂનથી ક્રમિક રીતે દિવસ ટૂંકો થતો જશે અને રાત્રિ લાંબી થતી જશે જ્યારે સૂર્ય દક્ષિણ દિશા તરફ વળશે. વળી, આ વખતે આ દિવસે સૂર્યગ્રહણનો પણ યોગ જોવા મળશે. સૂર્યનો ક્રાંતિ વૃત અને આકાશી વિષુવવૃત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે, આ છેદન બિંદુને સંપાત દિવસ તરીકે ઓળખવામાં આવે છે. ભારતના નાગરિકોએ માર્ચની તા. ૨૧મીએ દિવસ અને રાત સરખા હોવાનો અનુભવ કર્યો હતો હવે આગામી રવિવારે તા. ૨૧મી જૂને લાંબામાં લાંબો દિવસનો અનુભવ કરશે. આ ખગોળીય ઘટનાનો લાભ લેવા ભારત જાણ વિજ્ઞાન સંસ્થા જાથાની રાજ્ય કચેરીએ લોકોને અપીલ કરી છે.

જાથાના ચેરમેન જયંત પંડયાએ જણાવ્યુ છે કે સૂર્ય ઉત્તર તરફ ખસતો જતાં ઉત્તર ગોળાર્ધની દિવસની લંબાઈ વધતી જાય છે અને રાત ટૂંકી થતી જાય છે. આ કારણે તા. ૨૧મી જૂને દિવસ લાંબામાં લાંબો એટલે કે ગાંધીનગર-અમદાવાદમા દિવસ ૧૩ કલાક ૨૨ મિનિટ અને રાત્રિ ?૧૦ કલાક અને ૩૦ મિનિટની રહેશે. તા. ૨૨મી જૂનથી ક્રમિક રીતે દિવસ સેકંડના તફાવત પ્રમાણે ક્રમશઃ ટૂંકો અને રાત્રિ લાંબી થતી જોવા મળશે. ભારતમાં સૂર્યોદય – સૂર્યાસ્ત પ્રમાણે વિવિધ સ્થળોએ સેકન્ડ – મિનિટના તફાવત થી ફેરફાર દિવસ-રાત્રિ જોવા મળશે. વધુમાં જયંત પંડ્યાએ જણાવ્યુ કે તા.૨૧મી જૂન પછી સૂર્ય દક્ષિણ દિશા તરફ વળે છે તેથી તેને દક્ષિણયાન કહેવામા આવે છે. દિવસ રાત લબાઈ ચંદ્રની દિશા ગતિ અને સૂર્ય તરફ પૃથ્વીનો ઝુકાવ અને સૂર્ય પરિભ્રમણમાં ગતિ વગેરે પરિબળો પર આધારિત હોય છે. જે સતત બદલાતા રહે છે.

# નવરાશના સમયનો ઉપયોગ વૃક્ષ વાવવામાં કરતું દંપતિ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં વર્ષા ઋતુના કારણે આગમન સાથે જ પર્યાવરણ



પ્રેમીઓ દ્વારા વૃક્ષારોપણના કાર્યો હાથ ધરવામાં આવે છે. શહેરના સેક્ટર-૭ બી માં એક દંપતિ એવું છે જે પોતાને મળેલા નવરાશના સમયનો ઉપયોગ વૃક્ષારોપણ કરવા માટે કરી રહ્યું છે.

શહેરના સેક્ટર-૭બી માં બ્યુટી પાર્લર ચલાવતા ભગવતીબેન તેમજ તેમના પતિ મહેશભાઈ બંને પોતપોતાના નોકરી-વ્યવસાયમાં વ્યસ્ત રહે છે પરંતુ હમણાં આંશિક લૉકડાઉન તેમજ કોવિડ-૧૯ વાયરસના સંક્રમણની ભીતિને પગલે તેઓ પોતાની ફરજ પર જઈ શકતા ન નથી. આ સમય દરમ્યાન પતિ-પત્નીને વૃક્ષારોપણ કરવાનો વિચાર સ્ફૂર્યો હતો જેના પગલે છેલ્લા દસ દિવસથી પતિ-પત્ની બંનેએ મળીને ઘ-રોડ નજીકના ખુલ્લા પ્લોટમાં વૃક્ષારોપણ કરવાની કામગીરી હાથ ધરી છે.

આમ તેઓ પોતાનો નવરાશના સમયનો એક પર્યાવરણ બચાવવાના પ્રયાસ રૂપે સારા કામ માટે ઉપયોગ કરી રહ્યા છે. આ કામગીરી જોતા સીનીયર સીટીઝન કાઉન્સિલના સહમંત્રી ડી એમ પરમાર પણ આ કામના ભાગીદાર બન્યાં છે. સંસ્થા દ્વારા પોતાના નવરાશના સમયને આ રીતે સમાજોપયોગી પ્રવૃત્તિ માટે ઉપયોગ કરવા બદલ બંને જણને અભિનંદન પાઠવી તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## ચંદ્રાલા નાકા પોઈન્ટથી પાંચ બોટલ દારૂ સાથે યુવક ઝડપાયો

ચિલોડા પોલીસે ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગ કરી રહી હતી તે દરમિયાન હિંમતનગર તરફથી આવી રહેલી લકઝરી બસને ચેકીંગ માટે રોકી હતી. ત્યારે આ બસમાં ચેકીંગ સમયે યુવાન પાસે રહેલો થેલો ચેક કર્યો હતો, તેમાંથી ચિલોડા પોલીસને પાંચ બોટલ વિદેશી દારુની મળી આવી હતી. પોલીસે યુવકની પુછતાછ કરતા યુવકે પોતાનું નામ હિતેશ ધિરજલાલ વ્યાસ (ઉં.૩૦ રહે. મ.નં.ડી.-૪૬ પુષ્પક સીટી હાથીજણ અમદાવાદ) સામે આવ્યું હતું. જયારે પોલીસે ૫ બોટલ વિદેશી દારુ કિં.રૂ.૨૫૦૦ નો મુદામાલ કબ્જે કર્યો હતો.

## આરકા હોસ્પિટલ પાસે બાઈક-ટ્રક વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા.૧૯

સરગાસણ ચોકડી થી આરકા હોસ્પિટલ તરફના માર્ગ પર સવારના દશ વાગ્યાના અરસામાં બાઈક લઈને ગાયો શોધવા નીકળેલા યુવાનને ટ્રક ચાલકે પાછળથી ટક્કર મારતા યુવકને ઈજા પહોંચી છે. બનાવ અંગે યુવકે ઈન્ફોસીટી પોલીસે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

શહેરના સેકટર-૩ એ ન્યું આરટીઓ કચેરી સામે રહેતા અમરતભાઈ ગાંડાભાઈ ભરવાડ પોતાના પરિવાર સાથે રહે છે અને સરગાસણ ખાતે ઝરણા કાર વોશીંગ ખાતે નોકરી કરે છે. ત્યારે શહેયુવક સવારના દશ વાગ્યાના અરસામાં બાઈક નં. જી.જે.૧૮. એસ. ૪૪૫૯ લઈને ગાયો શોધવા માટે નીકળ્યો હતો. તે સમયે સરગાસણ ચોકડી થી શાહપુર ચોકડી તરફ જતા માર્ગ પર હોસ્પિટલ પાસે વળાંકમાં ડિવાઈડર કટમાંથી નીકળીને સર્વિસ માર્ગ તરફ જઈ રહ્યો હતો તે સમયે પાછળથી ટ્રક ચાલકે ટક્કર મારતા નીચે પટકાયો હતો. જેથી કપાળના ભાગે, પેટ પર અને થાપાના ભાગે ઈજા પહોંચી હતી. સારવાર માટે લઈ જવાતા યુવકને થાપાના ભાગે ફ્રેકચર હોવાનું ધ્યાને આવ્યું છે. બનાવ અંગે યુવકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

## ઉવારસદ ચોકડી પાસે કારે એકટીવાને અડફેટે લેતા દંપતિને ઈજા

ગાંધીનગર, તા.૧૯

ઉવારસદ ચોકડી પાસે બપોરના સુમારે એકટીવા લઈને પસાર થઈ રહેલા દંપતિને અચાનક પાછળથી પુર ઝડપે આવી રહેલી કારે અડફેટે લેતા દંપતિ માર્ગ પર પટકાયુ હતું. જેથી દંપતિને શરીરે હાથે પગે ઈજા પહોંચી હતી. જયારે દંપતિને ઈજા પહોંચતા ૧૦૮ મારફતે અડાલજ સારવાર માટે લઈ ગયા હતા. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે કાર ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

અમદાવાદ ગોતા ખાતે રહેતા હિરલ પંકજભાઈ સચદે પોતાના પરિવાર સાથે રહે છે. ગતરોજ તેઓ ગાંધીનગરથી પોતાના પિતાના ઘરેથી બપોરના સુમારે અમદાવાદ જવા માટે એકટીવા નં.જી.જે.૦૧. વી.એ.-૭૦૩૦ લઈને પતિ સાથે નીકળ્યા હતા. ફરીયાદીના પતિ એકટીવા ચલાવી રહ્યા હતા, ત્યારે ઉવારસદ ચોકડી પાસે અચાનક અડાલજ તરફથી આવી રહેલી કાર નં. જી.જે.૦૧. આર. જી.-૮૩૦૦ ના ચાલકે કાર ગફલતભરી રીતે હંકારીને એકટીવાને અડફેટે લેતા દંપતિ માર્ગ પર પટકાતા શરીરે ઈજા પહોંચી હતી. બનાવને પગલે અન્ય વાહનચાલકો ઉભા રહી ગયા હતા. દંપતિને ઈજા પહોંચતા સારવાર માટે લઈ જવાયા હતા. ત્યારબાદ હીરલ પંકજભાઈ સચદે ની ફરીયાદ નોંધી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ડભોડા-વડોદરા અને મગોડી ગામના ત્રિભેટે સ્થિત શ્રી સગતમાના ધામે જવા પાકો રોડ બનાવવાનું કામ પૂરજોશમાં

ચિલોડા,તા. ૧૯

ગાંધીનગર તાલુકાના ડભોડા-વડોદરા અને મગોડી ગામના ત્રિભેટે સ્થિત શ્રી સગતમાના પવિત્ર શ્રદ્ધાના કેન્દ્ર સમા ધામે અગ્રણી લલિતસિંહ યાદવની રજૂઆતથી અને ગાંધીનગર (દક્ષિણ)ના લોકલાડીલા ધારાસભ્ય અને ગૂજરાત વિધાનસભાના પૂર્વ ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરની ભલામણથી નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની ગ્રાન્ટમાંથી રૂપિયા ૪૦ લાખનું કામ સોલંકીપુરા એપ્રોચ રોડથી સગતમાતાના મંદિર સુધી ડામર પાકો રોડ બનાવવાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ત્યાં અંબિકા ફાર્મના માલિક બકુલભાઈ સાથે રોડ બાબતે ચર્ચા-વિચારણામાં ડભોડા-વડોદરા અને મગોડીના આગેવાનો સહિત ધુળાજી ઠાકોર, શકરાજી ઠાકોર, બળદેવજી ઠાકોર, ભરતજી ઠાકોર, દિનેશજી ઠાકોર, કેશાજી ઠાકોર, રમણજી ઠાકોર, લાલભાઈ સરપંચ, વિક્રમસિંહ ઠાકોર, અરવિંદજી ઠાકોર, ભરતજી ઠાકોર તથા સંગતમાતા યુવક મંડળના આગેવાનો સાથે બેઠક દ્વારા હકારાત્મક ચર્ચાવિમર્શ કરી સર્વાનુમતે જરૂરિયાત શાનદાર ડામરરોડ બનાવવાનો ઠરાવ કર્યો હતો. આ ડામર રોડની સુવિધાથી રાહત અને આભારની લાગણી પ્રસરવા પામી છે.



## વડોદરા ગામમાંથી બે શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર તાલુકાના વડોદરા ગામે ઈન્દીરાનગરની પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા બે શકુનીઓ ડભોડા પોલીસના હાથે ઝડપાયા છે. પોલીસે અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૧૨૧૧૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસને બાતમી મળી હતી કે વડોદરા ગામે ઈન્દીરાનગરની પાછળ ખુલ્લી જગ્યામાં કેટલાક નાગરીકો જુગાર રમી રહ્યા છે. જેને પગલે પોલીસે બાતમીવાળી જગ્યાએ રેઈડ પાડતા જુગાર રમી રહેલા નાગરીકોમાં દોડધામ મચી ગઈ હતી. જેમાં પોલીસના હાથે અનિલ જશુજી ઠાકોર (ઉં.૨૧ રહે.વડોદરા ઈન્દીરાનગર તા.જી.ગાંધીનગર) અને પુનાજી નેનાજી ઠાકોર (ઉં.૩૧ રહે. વડોદરા ઈન્દીરાનગર તા.જી. ગાંધીનગર) ઝડપાઈ ગયા હતા. પોલીસે અંગજડતી દરમિયાન રૂ.૧૧,૫૦૦ અને અંગજડતી દરમિયાન રૂ.૬૧૦ મળી આવતા કુલ રૂ.૧૨૧૧૦ રોકડ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

